ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

સોમવાર ૨ નવેમ્બર, ૨૦૨૫

આણંદ શહેરના સોની બજારમાં પુષ્ય નક્ષત્રમાં સોના-ચાંદીની ખરીદી સાથે ધનતેરસે પણ શ્રેષ્ઠ વેપાર રહેવાની આશા

આણંદના સુવર્ણ બજારમાં રવિ પુષ્યયોગની રોનક જોવા મળી


જે સી જ્વેલર્સ


પ્રમુખ જ્વેલર્સ


પ્રમુખપૂજન

સોનાના ભાવઘટાડાથી ગ્રાહકોમાં ખરીદીનો ભવ્ય ઉત્સાહ જોતાં વેપારીઓમાં ઉત્સાહ

(પ્રતિનિધિ) આણંદ તા.1

આણંદમાં વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ આ વખતે રવિવારે પુષ્ય નક્ષત્ર આવતાં 'રવિ પુષ્યયોગ'નો વિશેષ સંયોગ સર્જાયો હતો, જેને કારણે શહેરના સુવર્ણ બજારમાં ગ્રાહકોનો ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. તાજેતરમાં સોનાના ભાવમાં થયેલા ઘટાડાને પગલે રવિવારે પુષ્ય નક્ષત્રના પવિત્ર દિવસે જ્વેલર્સના શો-રૂમ્સ પર સોના અને ચાંદીની ખરીદી માટે ગ્રાહકોનો સારો પ્રતિસાદ સાંપડ્યો હતો. ભારતીય સંસ્કૃતિમાં અત્યંત શુભ અને સમૃદ્ધિદાયક મનાતા રવિ પુષ્ય નક્ષત્રના દિવસે સોના-ચાંદીની ખરીદી અને શુભ કાર્યોના આરંભ માટે વિશેષ ઉત્સાહ જોવા મળ્યો છે.

આણંદના એવી રોડ પર આવેલા પ્રમુખપૂજન જ્વેલર્સના હરિકૃષ્ણભાઈ સોનીના જણાવ્યા અનુસાર, આ વખતે રવિવારે પુષ્ય નક્ષત્ર હોવાથી 'રવિ પુષ્યયોગ' બન્યો હતો. આ યોગ સુવર્ણની ખરીદી માટે અતિ શુભ અને ફળદાયી માનવામાં આવે છે. ગત સપ્તાહ દરમિયાન સોનાના ભાવમાં ઘટાડો નોંધાયો હતો, જેને કારણે વર્ષો જૂની પરંપરા જાળવી રાખીને ગ્રાહકોએ આ શુભ દિવસે ઉત્સાહપૂર્વક ખરીદી કરી હતી.

જ્યારે શહેરના જ્વેલરી કોર્નર (જે.સી. જ્વેલર્સ)ના રાજુભાઈએ જણાવ્યું હતું કે, પુષ્ય નક્ષત્ર એ સોના અને ચાંદીની ખરીદી માટેનો સર્વોત્તમ દિવસ ગણાય છે. સોનાના ભાવ નીચે ઉતરવાથી રવિવારે ગ્રાહકો તરફથી ઘણો સારો પ્રતિસાદ મળ્યો હતો અને બજારમાં ઘરાકી સારી રહી હતી. જો સોનાના ભાવ આ જ રીતે રહેશે, તો આગામી ધનતેરસના દિવસે પણ સુવર્ણ બજારમાં ખૂબ સારી ઘરાકી અને વેપાર રહેશે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી.

આણંદના પ્રમુખ જ્વેલર્સના ઘનશ્યામભાઈ સોની જણાવે છે કે, સોનું માત્ર આભૂષણ નથી પરંતુ ભારતીય પરિવારો માટે પરંપરા, વિશ્વાસ અને સુરક્ષાનું પ્રતીક છે. સોનાના વધતા ભાવ વચ્ચે ગ્રાહકો હવે બજેટ, શુદ્ધતા, પારદર્શક ભાવ અને BIS HUID હોલમાર્કિંગને વધુ પ્રાધાન્ય આપી રહ્યા છે. આ શુભ પ્રસંગે તેમણે આણંદ અને સમગ્ર ગુજરાતના નાગરિકોને સુખ, સમૃદ્ધિ અને મંગલમય ભવિષ્યની શુભેચ્છાઓ પાઠવી છે.

નડિયાદના નાના બોરીયામાં ધંધાકીય હરીફાઈનો ભયાનક અંજામ , વાયર ચોરીનું ખોટું બહાનુ કાઢી નહેર નજીક બોલાવ્યો

નડિયાદના કોન્ટ્રાક્ટરને થાંભલે બાંધીવીજકરંટઆપીમારીનંખાયો

ચકલાસી પોલીસે મુખ્ય સૂત્રધાર સહિત ૭ શખ્સો સામે ગુનો નોંધ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧

નડિયાદ તાલુકાના નાના બોરીયા ગામમાં વીજ કંપનીના કોન્ટ્રાક્ટની અદાવતમાં ૨૮ વર્ષીય યુવકની નિર્મમ હત્યા થતાં સમગ્ર પંથકમાં ક્ષોભ અને સન્નાટો વ્યાપી ગયો છે. ગામના જ હરીફ કોન્ટ્રાક્ટરે વાયર ચોરીનો ખોટો આરોપ મૂકી યુવકને નહેર નજીક બોલાવ્યો હતો અને પૂર્વયોજિત ષડયંત્ર રચી તેને વીજળીના થાંભલા સાથે બાંધી ક્રૂરતાપૂર્વક કરંટ આપી મોતને ઘાટ ઉતારી દીધો હતો. આ ચોંકાવનારી ઘટના અંગે ચકલાસી પોલીસે ૭ શખ્સો સામે પ્રોપર ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, નાના બોરીયા ગામે રહેતા અશ્વિનભાઈ સોલંકી (ઉ.વ. ૨૮) એ થોડા સમય પહેલાં વીજ કંપનીના થાંભલા ઊભા કરવા તથા કેબલ ફિટિંગ કરવાનો કોન્ટ્રાક્ટ રાખ્યો હતો. આ જ ગામમાં રહેતો રાકેશ ઉર્ફે અકો આકાશભાઈ પરમાર પણ વીજ કંપનીના થાંભલા ઊભા કરવાનો અને કેબલ ફિટિંગનો કોન્ટ્રાક્ટ ધરાવે છે. પોતાના જ ધંધામાં અશ્વિનભાઈ હરીફ તરીકે ઊભા થતાં રાકેશ પરમારને તેઓ કાંટાની જેમ ખટકતા હતા. આ ધંધાકીય હરીફાઈની અદાવત રાખી રાકેશ પરમારે અશ્વિનભાઈનો કાયમી નિકાલ કરવાનો પ્લાન બનાવ્યો હતો.

રાકેશ પરમારે અશ્વિનભાઈ પર તા. ૨૮મીની રાત્રે વાયરોની ચોરી કરવાનો આરોપ મૂકી વાતચીતના બહાને લાડવેલ ચોકડીથી અલીન્દ્રા રોડ પર આવેલી નહેર નજીક બોલાવ્યા હતા. જ્યાં અગાઉથી ગોઠવાયેલા સાગરીતોની મદદથી અશ્વિનભાઈને વીજળીના થાંભલા સાથે બાંધી દેવામાં આવ્યા હતા અને કરંટ આપી તેમનું સ્થળ પર જ મોત નિપજાવવામાં આવ્યું હતું. આટલું જ નહીં, હત્યા કર્યા બાદ આરોપીઓએ મૃતકના ખિસ્સામાંથી રોકડ રકમ પણ કાઢી લીધી હતી.

આ અંગે મૃતકના કાકા જનકભાઈ અભાભાઈ સોલંકીની ફરિયાદના આધારે ચકલાસી પોલીસે રાકેશ ઉર્ફે અકો આકાશભાઈ વિનુભાઈ પરમાર (મુખ્ય આરોપી/હરીફ કોન્ટ્રાક્ટર), જગદીશ પોપટભાઈ પરમાર, રઘુવીર રમેશભાઈ પરમાર, પ્રવીણ ઉર્ફે ચોરીઓ સનાભાઇ સોલંકી, પરેશ નટુભાઈ પરમાર, અશોક નગીનભાઈ સોલંકી, ધર્મેશ હિંમતભાઈ સોલંકી (તમામ રહે. નાના બોરીયા) સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નડિયાદના મોગલકોટમાં પાર્ક કરેલી કારમાં ભયાનક આગ



નડિયાદના મોગલકોટ વિસ્તારમાં રસ્તાની બાજુમાં પાર્ક કરેલી એક કારમાં અચાનક અગમ્ય કારણોસર વિકરાળ આગ ભભૂકી ઉઠી હતી. આ કારમાંથી ધુમાડાના ગોટેગોટા નીકળતા રહેણાંક વિસ્તારના આસપાસના રહીશોમાં ભારે અફરાતફરી અને ગભરાટનો માહોલ સર્જાયો હતો. આ ઘટનાની જાણ થતાં જ નડિયાદ ફાયર બ્રિગેડની ટીમ ૧૦ મિનિટમાં સ્થળ પર પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. આગ વખતે કારમાં કોઈ હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી, જ્યારે પ્રાથમિક અનુમાન મુજબ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે.

ગઠિયા બેફામ | શાકભાજી ખરીદવા આવતા નાગરિકોના ખિસ્સા કાતરતી ગેંગ સક્રિય

નડિયાદ શાકમાર્કેટમાં ભીડ વચ્ચે ગઠિયાએ મોબાઈલ સેરવી લીધો

સીસીટીવી ફૂટેજ વાયરલ થતાં વેપારીમાં ભારે રોષ

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧

નડિયાદના મુખ્ય શાકમાર્કેટમાં અસામાજિક તત્વો અને ખિસ્સાકાતરુ ગઠિયાઓનો આતંક દિન પ્રતિદિન વધી રહ્યો છે. રોજબરોજ હજારોની સંખ્યામાં આવતા ગ્રાહકોની ભીડનો લાભ ઉઠાવીને પાકીટ અને મોબાઈલ ફોન ચોરી કરતી ગેંગ બેફામ બની છે. તાજેતરમાં શાકભાજીની ખરીદીમાં વ્યસ્ત એક નાગરિકના ખિસ્સામાંથી ચાલાકીપૂર્વક મોબાઈલ ચોરીને પલાયન થઈ જતા ગઠિયાની સમગ્ર કરતૂત શાકમાર્કેટમાં લાગેલા સીસીટીવી કેમેરામાં સ્પષ્ટપણે કેદ થઈ ગઈ છે.

નડિયાદની મુખ્ય શાકમાર્કેટમાં રોજબરોજ હજારો લોકો ખરીદી અર્થે આવે છે, ખાસ કરીને સાંજના સમયે અહી ભારે ભીડ જામતી હોય છે. આ ભીડનો ગેરલાભ ઉઠાવીને સક્રિય થયેલી મોબાઈલ અને પાકીટ ચોરતી ગેંગ નિર્દોષ નાગરિકોને નિશાન બનાવી રહી છે. તાજેતરમાં એક નાગરિક શાકભાજી ખરીદી રહ્યો હતો ત્યારે ભીડમાં ઉભેલા એક ગઠિયાએ નજર ચૂકવીને ક્ષણવારમાં તેના ખિસ્સામાંથી કિંમતી મોબાઈલ સેરવી લીધો હતો અને પલાયન થઈ ગયો હતો.

સીસીટીવીમાં ચોરનો ચહેરો અને તેની ચાલાકીપૂર્વકની ગતિવિધિઓ સ્પષ્ટપણે કેદ થઈ ગઈ છે અને આ વીડિયો સોશિયલ મીડિયામાં પણ વાયરલ થઈ રહ્યો છે. શાકભાજી લેવા આવતા સામાન્ય નાગરિકો હજારો રૂપિયાના મોબાઈલ અને કિંમતી સામાન ગુમાવી રહ્યા હોવાથી વેપારીઓ તેમજ ગ્રાહકોમાં તીવ્ર આક્રોશ અને ચિંતાની લાગણી વ્યાપી ગઈ છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ, આવા ભીડભાડવાળા સંવેદનશીલ વિસ્તારમાં પોલીસનું કોઈ જ પેટ્રોલિંગ જોવા મળતું નથી. ચોર ટોળકીને કાયદા કે પોલીસનો સહેજ પણ ડર રહ્યો ન હોય તેમ તેઓ ધોળા દિવસે આવી ચોરીઓને બેફામ બનીને અંજામ આપી રહ્યા છે.

બોરસદમાં બંધ મકાનમાંથી રૂ. ૧.૯૨ લાખની ચોરી થઈ

તસ્કરો તિજોરી તોડી સોના-ચાંદીના દાગીનાની ચોરી ગયાં

(પ્રતિનિધિ) બોરસદ તા.૧

બોરસદ તાલુકાના નામણ ગામે તસ્કરોએ એક બંધ મકાનને નિશાન બનાવી દરવાજાનો નકૂચો તોડી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના સહિત કુલ રૂ. ૧.૯૨ લાખની મત્તા ચોરી કરી ફરાર થઈ જતાં સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી છે. આ બનાવ અંગે બોરસદ રૂરલ પોલીસ મથકે અજાણ્યા ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ છે.

બોરસદના નામણ ગામના વતની જગદીશભાઈ રાવજીભાઈ પઢીયાર પોતાના પરિવાર સાથે વાડીયાપુરા રોડ સીમ વિસ્તારમાં રહે છે. તેઓનું એક જૂનું મકાન ગામ પંચાયત પાસે આવેલું છે, જ્યાં તેઓ પત્ની અને ભાણીના સોના-ચાંદીના દાગીના રાખતા હતા અને દરરોજ સવારે દીવા-બત્તી કરવા જતા હતા.

દરમિયાનમાં ૨૯મી ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ સવારે તેઓ જૂના ઘરે પહોંચ્યા ત્યારે મુખ્ય દરવાજાનો નકૂચો તૂટેલો જણાયો હતો. ઘરની અંદર તપાસ કરતાં સામાન વેરણછેરણ પડ્યો હતો તથા તિજોરી અને તેનું ખાનું તોડીને દાગીનાની ચોરી થઈ હોવાનું સ્પષ્ટ થયું હતું. આ અંગે તપાસ કરતાં ઘરમાંથી સોનાના દાગીના કિંમત રૂ. ૧.૨૮ લાખ અને ચાંદીના દાગીના કિંમત રૂ. ૬૪ હજાર મળી કુલ રૂ. ૧.૯૨ લાખની મત્તા ચોરાઈ હતી. આ અંગે જગદીશભાઈની ફરિયાદના આધારે બોરસદ પોલીસે ચોરીનો ગુનો નોંધીને ચોરોને ઝડપી પાડવા માટે તપાસ હાથ ધરી છે.

રૂદણના ચરામાં ચાલી રહેલા દારૂના કટીંગ પર એલસીબી ત્રાટકી

મહેમદાવાદમાં ૪.૮૬ લાખના વિદેશી દારૂ સાથે બે પકડાયાં

દારૂ, ત્રણ વાહનો અને મોબાઈલ મળી કુલ રૂ. ૧૧.૪૧ લાખનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) નડિયાદ તા.1

ખેડા લોકલ ક્રાઈમ બ્રાંચ પોલીસની ટીમે મહેમદાવાદ તાલુકાના રૂદણ ગામે સરકારી ચરાવાળી જગ્યામાં દારૂનું કટીંગ થતું હોવાની ચોક્કસ બાતમીના આધારે દરોડો પાડી રૂ. ૪.૮૬ લાખનો વિદેશી દારૂ તથા બિયર સાથે બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. આ દરોડા દરમિયાન ચાર આરોપીઓ ફરાર થઈ ગયા હતા. પોલીસે દારૂ, ત્રણ વાહનો અને મોબાઈલ મળી કુલ રૂ. ૧૧,૪૧,૯૯૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખેડા લોકલ ક્રાઈમ બ્રાંચ પોલીસની ટીમે મહેમદાવાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, રૂદણ ગામે સ્મશાનની બાજુમાં આવેલી સરકારી ખુલ્લી ચરાવાળી જગ્યામાં સ્વિફ્ટ કારમાં વિદેશી દારૂનો જથ્થો લાવી કટીંગ કરવામાં આવી રહ્યું છે. આ બાતમીના આધારે એલ.સી.બી. ટીમે દરોડો પાડીને બે શખસોને સ્થળ પરથી ઝડપી લીધા હતા.

આ દરોડામાં પોલીસે સ્થળ પરથી રૂ. ૪,૮૬,૯૯૦નો વિદેશી દારૂ તથા બિયર મળી કુલ રૂ. ૧૧,૪૧,૯૯૦ નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ અંગે છ શખસ સામે મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધ્યો હતો.

દરોડામાં બે પકડાયાં , ચાર ફરાર

ખેડા એલસીબીએ પકડેલા શખસોમાં ગોકળ ઉર્ફે ગોકો મોહનભાઇ ચૌહાણ (રહે. રૂદણ, તા. મહેમદાવાદ) અને સંજય રમેશભાઈ સોલંકી (રહે. નંદગામ ઉદરા, તા. મહુધા)નો સમાવેશ થાય છે. જ્યારે મેહુલ ઉર્ફે ઘમો ગોકળભાઇ ચૌહાણ (રહે. રૂદણ), જગદીશ ઉર્ફે જીગો કાલિદાસ ડાભી, સંજયભાઇ લોટો સનાભાઇ સોલંકી (રહે. ઉદરા) અને સ્વિફ્ટ કારનો ચાલક ફરાર થઇ ગયાં હતાં.

ખેડા ગામડાંમાં ૪.૬૦ કરોડના ખર્ચે ૩૦૦થી વધુ કામોને મંજૂરી

સ્ટેમ્પ ડ્યુટી અને રેતી-કાંકરી ગ્રાન્ટમાંથી છેવાડામાં પેવર બ્લોક, પીવાનું પાણી અને પૂરરક્ષણ દિવાલના કામો ઉકેલાશે

(પ્રતિનિધિ) નડિયાદ તા.૧

ખેડા જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ગ્રામીણ વિસ્તારોના સર્વાંગી વિકાસ અને છેવાડાના માનવી સુધી પ્રાથમિક સુવિધાઓ પહોંચાડવા માટે મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. જિલ્લાના દસેય તાલુકામાં લાંબા સમયથી પડતર અને અત્યંત જરૂરી એવા ૩૦૦થી વધુ વિકાસ કાર્યો માટે રૂ. ૪.૬૦ કરોડના ભંડોળને વહીવટી મંજૂરી આપી દેવામાં આવી છે. જિલ્લા પંચાયતના સ્વભંડોળ, સ્ટેમ્પ ડ્યુટી અને રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી આ કામો હાથ ધરીને ગ્રામ્ય ચિત્ર બદલવા કવાયત હાથ ધરાઈ છે.

ખેડા જિલ્લા પંચાયતના સ્વભંડોળ અને સ્ટેમ્પ ડ્યુટીની ગ્રાન્ટમાંથી રૂ. ૨.૫૦ કરોડના ખર્ચે ૨૧૭ વિકાસ કામો હાથ ધરાશે. આ કામગીરી અંતર્ગત છેવાડાના ગામોમાં રસ્તા, પેવર બ્લોક, પીવાના પાણી માટે બોરવેલ તેમજ પમ્પીંગ મશીનરી બેસાડવામાં આવશે. કપડવંજ, મહુધા, કઠલાલ, મહેમદાવાદ, ગળતેશ્વર અને નડિયાદ તાલુકાના બારીયાની મુવાડી, અલીણા, સાલોડ અને બાજકપુરા જેવા નાના ગામડાઓમાં લાંબા સમયથી અટકેલા રસ્તા અને પેવર બ્લોકના કામો આખરે શરૂ થશે.

આ ઉપરાંત, વર્ષ ૨૦૨૪ અને ૨૫ના બાકી રહેલા રૂ. ૯૮.૭૦ લાખના વિકાસ કાર્યોને પણ ચાલુ વર્ષના સુધારેલા બજેટમાં સાંકળી લેવાયા છે. તમામ કામો ઝડપથી અને સમયસર પૂરા થાય તે માટે સૈદ્ધાંતિક અને વહીવટી સત્તા જિલ્લા વિકાસ અધિકારીને સુપરત કરવામાં આવી છે.

અનુસૂચિત જાતિ વિસ્તારોના વિકાસ માટે રૂ. ૩૨ લાખ મંજૂર

સામાજિક ન્યાય સમિતિ દ્વારા અનુસૂચિત જાતિના વિસ્તારોમાં પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવા રૂ. ૩૨ લાખ મંજૂર કરાયા છે. જેના અંતર્ગત કપડવંજના કાવઠ સ્મશાનગૃહમાં બોરવેલ, ગળતેશ્વરના બલાઢા ખાતે છાત્રાલયની કમ્પાઉન્ડ વોલ અને વસોના અલીંદ્રા તથા પલાણામાં સીસી રોડ બનાવવા સહિતના ૧૮ કામો હાથ ધરાશે.

ચોમાસામાં પૂર સામે રક્ષણ માટે રૂ. ૧.૭૮ કરોડના ૮૧ કામો

ચોમાસા દરમિયાન નદી કાંઠાના અને નીચાણવાળા ગામોમાં થતા ધોવાણને અટકાવવા સિંચાઈ વિભાગ દ્વારા રેતી-કાંકરી ગ્રાન્ટમાંથી રૂ. ૧.૭૮ કરોડના ૮૧ પૂર સંરક્ષણ કામો મંજૂર કરાયા છે. જેમાં ગળતેશ્વરના સોનીપુર બળોવિયા, ઠાસરાના રાણીયા અને કઠલાલના પહાડ તથા ગાડવેલ ગામે પૂર સંરક્ષણ દિવાલ બનાવવામાં આવશે.

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

આણંદ	નડિયાદ
જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ.	ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225